# <u>શ્રી કોડકી ગંગા લેવા પટેલ કોમ્યુનીટી (યુ.કે)    બંધારણ અને નિયમો</u>

**kodki.co.uk**

બંધારણ અને નિયમો                તા.૧૮મી નવેમ્બર ૨૦૦૭થી અમલમાં

૧. **નામ:**

આ સંસ્થાનુ નામ ***શ્રી કોડકી ગંગા લેવા પટેલ કોમ્યુનીટી (યુ.કે)*** રહેશે
(આ બંધારણમાં તેનો સંદર્ભ ***"કોડકી ગામ કોમ્યુનીટી"*** કે **"કેજીસી"** તે રીતે કરવામાં આવશે)

૨. **ઓફીસ:**

**"કેજીસી"**ની ઓફીસ પ્રમુખશ્રી કે મંત્રીશ્રીના નિવાસસ્થાનના સરનામે રહેશે.

૩. **લક્ષ્ય અને હેતુઓ:**

***શ્રી કોડકી ગંગા લેવા પટેલ કોમ્યુનીટી (યુ.કે)***ના હેતુઓ આ પ્રમાણે રહેશે.

અ. પુખ્ત સભ્યો અને તેના સંતાનોમાં શૈક્ષણીક, સાંસ્કૃતિક અને સમાજીક વિકાસની પ્રવૃત્તિને વેગ આપવો

બ. ***કોડકી ગામ કોમ્યુનીટી*** માં હિન્દુ ધર્મ તથા પ્રણાલીકાગત મૂલ્યોની પ્રવૃત્તિને વેગ આપવો

ક. ***"કોડકી ગામ કોમ્યુનીટી"*** ના હિતવર્ધક પ્રવૃત્તિને કોઈપણ યોગ્ય રીતે વિકસાવવી

ડ. રમતગમત, આરામ અને મુકત સમયની અન્ય પ્રવૃત્તિ પુરી પાડવી અને તેને ટેકો આપવો.

ઈ. અન્ય સહયોગી સંસ્થાની તેવી કોઈ પ્રવૃત્તિ જે ***કોડકી ગામ કોમ્યુનીટી*** ના સભ્યોને હિતવર્ધક હોય તેમાં સહયોગ આપવો.

ફ. સુપાત્ર કારણો જણાય ત્યાં યુ. કે. તથા વિદેશમાં દાન આપવું

ગ. યુ. કે. તથા વિદેશમાંની કોઈ સંલગ્ન " એફીલીએટેડ" સંસ્થા જેવી કે યુ.કે. તથા વિદેશમા આવેલ હિન્દુ મંદીરો અને ***શ્રી કચ્છ લેવા પટેલ કોમ્યુનીટી (સમાજ).***

૪. **સભ્યપદ અને નોંધણી:**

અ. કોઈપણ વ્યકિત જેની ઉમર ૧૮વર્ષથી વધુ હોય અને તેનો, તેના માતાપિતા, દાદા-દાદી, નાનાનાની, કે પતિ/પત્નિનો જન્મ કોડકીમાં થયેલ હોય અથવા કોડકીમાં તેના મૂળ ***"કોડકી ગામ કોમ્યુનીટી"*** માં હોય તે અરજી કરી શકે.

બ. પૂર્ણ સમયના વિદ્યાર્થી (પુરૂષ/સ્ત્રી) અને **"કેજીસી"** પુત્રી (માતાપિતા સાથે રહેતી હોય) તે, જો તેઓ વાર્ષિક સ્થાન નોંધાવે અને રજુ કરે તો વાર્ષિક ફી માંથી મુકત રહેશે. તેમછતાં તેઓ પુરી ફી ભરેલ સભ્યો થશે.

ક. **"કેજીસી"** પુત્રી કે પરિણીત હોય અને કોડકી ગામ છોડી દીધેલ હોય તે, જો તેઓ પિતા, પતિ/પત્નિ અને બાળકો (૧૮ નીચેના)ની વિગત નોંધાવે અને રજુ કરે તો વાર્ષિક ફી માંથી મુકત રહેશે. તેમ છતાં તેઓ પુરી ફી ભરેલ સભ્યો થશે.

ડ. લવાજમ-ફીની રકમમાં વાર્ષિક સાધારણ સભામાં પ્રસંગોપાત ફેરફાર કરવામાં આવશે.

ઈ. લવાજમ કેલેન્ડર વર્ષ પુરતું રહેશે. તે પરત કરવાપાત્ર કે નામફેર કરવાપાત્ર નથી.

ફ. કોઈ અગાઉના સભ્યએ ફરીથી સભ્ય તરીકે દાખલ થવા પહેલાં અગાઉના ત્રણ વર્ષની સભ્ય ફી ભરવાની રહેશે. કોઈ વ્યકિત બે વર્ષ કે વધુ સમય માટે યુ.કે. છોડી ગયેલ હોય તે અગાઉના વર્ષની ફી ભરવામાંથી મુકત છે અને તેને નવા સભ્ય તરીકે દાખલ કરવામાં આવશે.

ગ. ૧૮ વર્ષથી નાનીવયના બાળક કે માતાપિતા સાથે રહેતી પુત્રીનો સમાવેશ થયેલ હોય તેને વાર્ષિક ફી-મુકિત માટે તેના માતાપિતા પૈકીના કોઈ એક સભ્ય હોવા જોઈએ.

હ. જેણે પુરી રકમ ભરી હોય તા તમામ સભ્યોને સભ્યપદના તમામ અધિકારો મળશે અને તેઓ "**કેજીસી**"ની કોઈપણ બાબતમાં ભાગ લઈ શકશે.

ઈ. સભ્યપદની તમામ અરજી વહીવટીય સમિતિ (એકઝીકયુટીવ કમીટી)એ માન્ય કરેલ હોવી જોઈએ. કોઈપણ નિયમના બાધ વિના વહીવટીય સમિતિ (એકઝીકયુટીવ કમીટી) કોઈપણ સભ્યનું સભ્યપદ તેને ૨૧ દિવસની નોટીસ આપી રદ કરી શકશે.

૫. **સભ્યપદ દફતર અને નકલઃ**

અ. પુરી રકમ ભરી હોય તેવા સભ્યને વિનંતિ કર્યેથી તેનું અંગત દફતર તપાસવાનો અધિકાર રહેશે.

બ. કોઈપણ પ્રસંગમાં હાજરી આપવા આવેલ અન્ય વ્યકિતઓ સાથે ફોટોગ્રાફ હોવાનું મહત્વનું છે. બધા ફોટાનો ઉપયોગ એક યાદગીરી તરીકે રહેશે ગુનાખોરી માટે નહીં. આમ છતાં તમે કોઈ ફોટો જુઓ કે જેનો ઉપયોગ કરવામાં આવે તે તમને પસંદ ન હોય તો આપ તે રદ કરવા "**કેજીસી**"ના મંત્રીનો સંપર્ક કરી શકશો કે જેથી ભવિષ્યમાં વેબમાં પ્રદર્શિત કરવામા ન આવે

ક. સભ્યોની વિગત ડીરેકટરી કે વાર્ષિક સભ્યયાદીમાં છાપવામાં આવશે. જો આપને ડીરેકટરી સિવાયની આપનીમાહીતીની ઈચ્છા હોય તો ખજાનચી/મંત્રીનો સંપકકરવો.

૬. **વહીવટીય સમિતિ (એકઝીકયુટીવ કમીટી- ઈ.સી.) સભ્યોઃ**

**વહીવટકર્તા પોતાનો હોદો બે વર્ષ માટે ધારણ કરશે જેમાં**

| | | |
|---|---|---|
| ૦૦ પ્રમુખ | તથા | ઉપપમુખ |
| ૦૦ મંત્રી | તથા | સહમંત્રી |
| ૦૦ ખજાનચી | તથા | સહખજાનચી |

૦૦ સલાહકાર ( ૬ થી ૮)

૦૦ કો-ઓપ્ટેડ સભ્યો ૮ (ચૂંટાયેલ ન હોય, મતાધિકાર ન હોય તેવા)

૭. **વહીવટીય સમિતિ (એકઝીકયુટીવ કમીટી)ના સભ્યોની જવાબદારીઓ**

**પ્રમુખઃ**

અ. સમિતિની બધી સભા બોલાવવી, તેનું આયોજન કરવું અને સંચાલન કરવું

બ. સત્તાની રૂએ સમિતિ-સભાના એજન્ડાની યાદી બનાવવાની જવાબદારી પ્રમુખશ્રીની રહેશે.

ક. "**કેજીસી**"સભ્યોના વાહક તરીકે કામ કરી "**કેજીસી**"નું કામકાજ સરળ અને અસરકારક રીતે ચાલે તે જોવું.

ડ. યુ. કે. તથા વિદેશમાંની કોઈ સંલગ્ન " એફીલીએટેડ" સંસ્થા સાથેની મિટીગમાં "**કેજીસી**"નું પ્રતિનિધિત્વ કરવું

ઇ. "**કેજીસી**" અંગેની બાબતો બંધારણ પ્રમાણે ચાલે છે તે જોવું અને કામગીરી કરવી, દેખરેખ રાખવી અને તે માટે તમામ યોગ્ય અને જરૂરી પગલાં લેવાં

ફ. વાર્ષિક અન દિવાળી સમારંભ અને અન્ય પ્રસંગો અંગેની કામગીરીનું નિરીક્ષણ કરવું અને તે માટે ટીમ તૈયાર કરવી.

***ઉપપમુખઃ***

અ. પ્રમુખશ્રીની કામગીરીમાં મદદ કરવી અને તેની ગેરહાજરીમાં પ્રમુખશ્રીની સત્તા સંભાળવી

**મંત્રી:**

અ. સમિતિની બધી સભા બોલાવવી, તેનું આયોજન કરવું.

બ. સમિતિના તમામ સભ્યો વચ્ચે માહિતીનું સંકલન પુરૂં પાડવું.

ક. તમામ સભા, એ.જી.એમ.ની મિટીંગોની મિનિટસ તૈયાર કરવી અને વહીવટીય સમિતિ(એકઝીકયુટીવ કમીટી)ને પુરી પાડવી

ડ. એજન્ડા તૈયાર કરવો અને લાગતા વળગતાને પુરો પાડવો.

ઈ. "**કેજીસી**" માંહેના તમામ પત્રવ્યવહારની નોંધ કરવી અને લાગતા વળગતાની તપાસ અંગે નકલ ફોરવર્ડ કરવી.

ફ. "**કેજીસી**"ના, બંધારણ, મિટીંગની મિનીટસ, એજન્ડા, પત્રવ્યવહારનું દફતર પ્રાસંગીક યાદી, સભ્યોની સૂચી, પત્ર વ્યવહારનું પત્રક, સમાચારપત્ર, પોસ્ટર્સ, જાહેરાત, અને "**કેજીસી**" સભ્યોને વિતરણ પૂર્વેની ચકાસણી તમામ દસ્તાવેજો અંગે પ્રબંધ કરવો તથા તે તૈયાર કરવા.

ગ. મંત્રીશ્રીએ સભ્યોને મોકલવી જરૂરી હોય તેવી કોઈપણ માહીતી.

હ. "**કેજીસી**" વબસાઈટ તૈયાર કરવીલ જાળવવી અને અપડેટ કરવી.

**સહમંત્રી:**

અ. મંત્રીશ્રીની કામગીરીમાં મદદ કરવી અને તેની ગેરહાજરીમાં મંત્રીશ્રીની સત્તા સંભાળવી

**ખજાનચી:**

અ. "**કેજીસી**" ની સભ્યોનું લવાજમ દાન અને અન્ય ભંડોળ સ્વીકારવું, તથા તેનું સંચાલન કરવું તથા બીલ્સ અને ખર્ચની રકમ ચૂકવવી

બ. નવા સભ્યોની અરજીનું સંચાલન કરવું, સભ્યપદનું દફતર અપડેટ કરવું અને મંત્રીને છેલ્લી પરિસ્થિતિની સભ્ય યાદી પુરી પાડવી

ક. "**કેજીસી**" ના ખાસ અને સામાન્ય ખર્ચની પડતર અને અંદાજ તૈયાર કરવું (ફાળે આવતું)

ડ. સભ્યોને લવાજમ અંગે નોટીસ કરવી અને લવાવમ ઉઘરાવવું

ઈ. બેન્કના વ્યવહાર તથા હિસાબો રાખવા તથા ભંડોળ ત્વરિત મળે તે જાવું

ફ. વહી.સમિતિ (એકઝી.કમીટી-ઈ.સી.) ના નિર્ણયને અનુરૂપ ચૂકવાણું કરવું.

ગ. એ.જી.એમ.ની મંજુરી અને સ્વિકૃતિ માટે દરેક વર્ષના હિસાબ તૈયાર કરવા

**સહખજાનચી:**

અ. ખજાનચીની કામગીરીમાં મદદ કરવી અને તેની ગેરહાજરીમાં ખજાનચીની સત્તા સંભાળવી

**સલાહકાર:**

અ. ઈ.સી.ને મદદ કરવી અને ઈ.સી.એ તેઓને સોંપેલ જવાબદારી અદા કરવી

બ. આવાગમન પરના અંકુશનું સંકલન અને પ્રસંગોમાં કાર્યકરસેવા આપવી.

ક. યુવકપ્રવૃત્તિનું સંકલન કરવું અને યુવા ઉપ સમિતિની પસંદગી કરવી

૮. **વહીવટીય સમિતિ (એકઝીકયુટીવ કમીટી) સભ્યોની ચૂંટણી:**

વહીવટીય સમિતિની ચૂંટણી દર બે વર્ષે એ.જી.એમ.(દિવાળી સમારંભ)માં કરવામાં આવશે

અ. એ.જી.એમ.(દિવાળી સમારંભ)માં યોજાતી ચૂંટણી સાદી બહુમતીના આધાર પર કરવામાં આવશે.

બ. પ્રમુખ, મંત્રી કે ખજાનચીના રાજીનામાના કિસ્સામાં આગામી ચૂંટણી સુધી તેના/તેણીના મદદનીશથી તે જગ્યા પુરવામાં આવશે.

ક. વર્તમાન વહીવટીય સમિતિને સમીતીમાંની ખાલી જગ્યા પુરવાના અધિકાર રહેશે.

ડ. વહીવટીય સમિતિને કો-ઓપ્ટ સભ્યોને તેની આવડત/જ્ઞાન પર નીમવાની સત્તા રહેશે.

ઈ. કો ઓપ્ટેડ સભ્યો સમીતીના બીનચૂંટાયેલ પ્રતિનીધી છે જેઓને વહીવટીય સમિતિની મિટીંગમાં મતાધિકાર હોતા નથી અને તેઓ કોઈ કારણ આપ્યા વિના ગમે ત્યારે નિવૃત્ત થઈ શકે છે.

ફ. ગંભીર ગુનાસર સજા પામેલ હોય, નાદાર હોય કે માનસીક અસમતુલાના કારણો હોય તેવી વ્યકિતને વહીવટીય સમિતિ સભ્ય તરીકે ચૂંટી ન શકાય. આવા સંયોગોની જાણ થતાં આપોઆપ આવી વ્યકિત છુટા થયેલ ગણાશે.

## ૯. ચૂંટણીના નિયમો:

અ. પ્રમુખ, મંત્રી, ખજાનચી અને તેના મદદનીશોના હોદ્દા માટે ઉમેદવારની વય ૨૫ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ તે 'પૂર્ણ ભરપાઈ' સભ્ય કે તેના પતિ/પત્નિ હોવા જોઈએ.

બ. સલાહકારના હોદ્દા માટે ઉમેદવારની વય ૧૭ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

ક. પૂર્ણ સમયના વિદ્યાર્થી (સ્ત્રી કે પુરૂષ) **"કેજીસી"** પુત્રી (કે જે માતાપિતા સાથે રહેતી હોય) તે સલાહકાર બની શકે

ડ. **"કેજીસી"** પુત્રી કે જે પરિણિત હોય અને કોડકી છોડયું હોય તે સલાહકાર બની શકે જો તે "પૂર્ણ ભરપાઈ" સભ્ય હોય તો

ઈ. પ્રમુખ, મંત્રી તથા ખજાનચીનું સ્થાન સતત બે મુદત (સતત ચાર વર્ષ)થી વધુ સમય માટે ધારણ કરી ન શકાય.

ફ. પ્રમુખ, મંત્રી તથા ખજાનચી છુટથી ગુજરાતી બોલી શકતા હોવા જોઈએ. વડીલ સભ્યોના લાભ માટે ત્રણ પૈકીના ઓછામાં ઓછા એકમાં ગુજરાતી લખી વાંચી અને બોલી શકે તેવી ક્ષમતા હોવી જોઈએ.

ગ. જો યોગ્ય ઉમેદવાર ન મળે તો સાદી બહુમતીથી ઉમેદવારની ફેરચૂંટણી કરવી

હ. અનુગામીઓની ચૂંટણીની જવાબદારી ચાલુના વહીવટકર્તાઓની રહેશે.

## ૧૦. મતદાનની ગેરલાયકાત:

અ. જો કોઈ સભ્યનું લવાજમ સામાન્ય સભાથી તરત અગાઉના સમયનું બાકી હોય તો તે સભ્ય તેવી મીટીંગમાં મત આપવા લાયક થશે નહીં.

## ૧૧ સમિતિ મીટીંગ

અ. સમિતિના તમામ સભ્યોએ હાજરીની "રેડબુક"માં સહી કરવી

બ. સમિતિના તમામ સભ્યો પાસે ઈ-મેઈલ એડ્રેસ હોવું જોઈશે જેથી એજન્ડા, મિનિટસ, સભ્યયાદી અને સમાચારપત્ર વહીવટીય સમિતિ સભ્યોને મોકલવા તે ઉપયોગી થાય.

ક. કોઈ સમિતિ સભ્ય વહીવટીય સમિતિને ક્ષમાપત્ર આપ્યા વિના સતત ત્રણ મિટીંગમાં ગેરહાજર રહેશે તેનો હોદ્દો લઈ લેવામાં આવશે અને ખાલી પડેલ જગ્યા નિયમ-૮ મુજબ ભરવામાં આવશે.

ડ. સમિતિ સભ્ય જે પોતાનો મત જણાવવા માગે અથવા મિટીંગમાં સભ્યોને સંબોધન કરવા માગે તેણે તે હમેશાં વ્યાવસાયીક રીતભાતમાં, શાંતિથી અને શિસ્તથી કહેવાનું રહેશે. તેનો અનાદર પદ-મોકુફીમાં પરિણમશે.

## ૧૨ દિવાળી – વાર્ષિક સામાન્ય સભા (એ.જી.એમ.) અને ગામ વાર્ષિક સભા

અ. સમિતિ "કેજીસી"ની એ.જી.એમ. બોલાવશે.

બ. વાર્ષિક સમારંભ અને દિવાળી સમારંભ(એ.જી.એમ.)નું આમંત્રણ સભ્યોને ૨૧ દિવસ અગાઉ સભ્યોના ઘરના સરનામે પોસ્ટ કરવામાં આવશે. ઉપરાંત માહિતિ વેબસાઈટ અને ઈ-મેઈલ પર પણ મળશે.

ક. કોડકી ગામની પુત્રીને માનદ આમંત્રણ આપવામાં આવશે. પોતાની પુત્રીને તારીખ, સમય અને સ્થળની જાણ કરવાની જવાબદારી સભ્યોની રહેશે.

ડ. કોડકી ગામની પુત્રીને દિવાળી સમારંભ( એ.જી.એમ.)નું આમંત્રણ આપવામાં નહીં આવે સિવાય કે તે "પૂર્ણ ભરપાઈ સભ્ય" હોય. જે સ્થળની ક્ષમતાને લીધે છે.

## ૧૩ ખાસ કે અસામાન્ય સાધારણ સભા (ઈ.જી.એમ.)

સભ્યપદના ત્રીજા ભાગની વિનંતિ (જે બાબતની ચર્ચા કરવાની છે તેના ખુલાસા સહિત) થી એ.જી.એમ.બોલાવી શકાશે. આવી મિટીંગ વિનંતી કર્યાના ૨૧ દિવસમાં બોલાવવામાં આવશે.

## ૧૪. સભ્યની ફરજો

અ. તમામ સભ્યોએ નવું સરનામું, ઘરના ફોન નંબર, પતિ/પત્નિનું નામ, સંતાન(૧૮ નીચેના)નું નામ, પૂર્ણ સમયના વિદ્યાર્થી(પુરૂષ કે સ્ત્રી) અને "કેજીસી"પુત્રી (માતા-પિતા સાથે રહેતી) કે જે પૂર્ણ ભરપાઈ સભ્ય નથી તેની વિગત પૂરી પાડવાની રહેશે.

બ. તમામ સભ્યોએ દરવર્ષે વિગત સુધરાવવાની/ચકાસવાની રહેશે અને લવાજમ ભરવાનું રહેશે

ક. સભ્યપદ ફી છેલ્લા બે વર્ષ કે વધુ સમયની બાકી હશે તો તે તાત્કાલીક ભરી જવા જણાવવામાં આવશે અથવા "આઈ.ઓ.યુ." આપવા જણાવવામાં આવશે. કોઈપણ "આઈ.ઓ.યુ." તેની તારીખથી ૨૧ દિવસમાં ભરપાઈ કરવાના રહેશે.

ડ. કોઈપણ સભ્ય છેલ્લા સતત ત્રણ વર્ષનું લવાજમ ભરવામાં નિષ્ફળ જશે તો તેણે તેનું સભ્યપદ રદ કર્યાનું માનવામાં આવશે. પુનઃપ્રવેશ નિયમ-૪ મુજબ રહેશે.

ઇ. નશીલી ચીજ કે કેફીપીણાની અસર હેઠળના હોઈ સભ્યને કોઈપણ સંયોગોમાં પ્રવેશ આપવામાં નહીં આવે. સભ્યોની સલામતી માટે તેમને છોડી જવા વિનંતી કરવામાં આવશે અને તેમનું સભ્યપદ મોકુફ રાખવામાં આવશે કે રદ કરવામાં આવશે.

## ૧૫. આયોજીત કાર્યક્રમમાં ગેરવર્તણૂક અને જાહેર જવાબદારી

અ. "કેજીસી" ને નુકસાનકર્તા તેવાં સભ્યના કોઈપણ ગેરવાર્તણૂક કે કૃત્ય માટે તેને દૂર કરવામાં આવશે કે કાઢી મૂકવામાં આવશે.

બ. સમારંભ દરમ્યાન કે બાદ સભ્યને થયેલ કાંઈપણ ઈજા કે નુકસાની બદલ "કેજીસી" ની કોઈ જવાબદારી થશે નહીં.

## ૧૬. સભ્યની ફરજો

જેમણે લવાજમ પુરેપુરું ભરેલ છે તેવા તમામ સભ્યો (ભરપાઈ સભ્યો)ને:

અ. વહીવટીય સમિતિની પૂર્વ મુજારીથી "કેજીસી"ની સામાન્ય સભામાં એજન્ડા પરની તમામ બાબતો અંગે રજાુઆત કરવા અધિકાર રહેશે.

બ. સભ્ય જે પોતાનો મત જણાવવા માગે અથવા મિટીંગમાં સભ્યોને સંબોધન કરવા માગે તેણે તે હમેશાં વ્યાવસાયીક રીતભાતમાં, શાંતિથી અને શિસ્તથી કહેવાનું રહેશે. તેનો અનાદર પદ-મોકુફીમાં પરિણમશે.

ક. વહીવટીય સમિતિના સભ્ય તરીકે ચૂંટણીમાં ઉમેદવાર થઈ શકશે.

ડ. સામાન્ય સભામાં એક મત આપવા અધિકાર રહેશે.

ઇ. લગ્નની પાર્ટી આપી શકશે કે "કેજીસી"ને આમંત્રણ આપી શકશે જો સમારંભમાં તેથી અવ્યવસ્થા ન થાય તો અને તે સાદાઈથી કરવામાં આવશે. વહીવટીય સમિતિની પૂર્વ મંજુરી વિના કોઈપણ સાહિત્યનું વિતરણ કે પ્રદર્શન પ્રતિબંધિત છે.

ફ. સભ્ય "**કેજીસી**"ના મંત્રી કે ખજાનચીને નોટીસ આપી ગમે ત્યારે નિવૃત્ત થઈ શકશે.

**૧૭. બંધારણમાં ફેરફાર:**

અ. બંધારણમાં સુધારા, ઘટાડા કે વધારા કરવા માટે એ.જી.એમ.માં હાજર હોય અને જેને મતાધિકાર હોય તેવા સભ્યો બહુમતીથી સંમત થવા જોઈએ અને તે માત્ર સમિતિના નિર્ણયથી કરી શકાય નહી.

બ. આ બંધારણનું ગુજરાતી ભાષાંતર તૈયાર કરવું અને કોઈપણ ફેરફાર બન્નેમાં કરવો.

**૧૮.લવાજમ અને ડોનેશનની ચૂકવણી:**

- "**કેજીસી**"ના ભંડોળમાં સ્વૈચ્છિક ફાળો આપવા સભ્યોને આમંત્રણ છે.
- સભ્યપદ અને ડોનેશન રોકડ, ચેક, એસ.ઓ. અથવા ઈલે. ટ્રાન્સ.થી કરી શકાશે.
- સભ્યોને ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર માટે સ્ટેન્ડીંગ ઓર્ડર ગોઠવવા સલાહ આપવામાં આવે છે. જુઓ ઈન્ફો. ડેસ્ક.

**૧૯. નાણાકીય:**

અ. વહીવટીય સમિતિ ***શ્રી કોડકી ગંગા લેવા પટેલ કોમ્યુનીટી (યુ.કે)*** ના નામે બેન્કીંગ ખાતું રાખી શકશે અને "**કેજીસી**"એ કે તેના વતી મેળવેલ રકમ આવા ખાતાંમાં જમા કરવામાં આવશે.

બ. "**કેજીસી**"ના ખાતાં પર કોની સહીથી ચેક ડ્રો કરી શકાશે તે ઠરાવથી નકકી કરવાની સત્તા વહીવટીય સમિતિને રહેશે.

ક. ભંડોળનો ઉપયોગ વહીવટીય સમિતિના મતે "**કેજીસી**"ના લક્ષ્ય અને ધ્યેય સિધ્ધ કરવાના હેતુ માટે વાપરવામાં આવશે.

ડ. £.૨૦૦( બસો પાઉન્ડ)થી વધુ રકમના ખર્ચની મંજુરી સામાન્ય સભામાંના સભ્યોની લેવાની રહેશે.

ઈ. એ.જી.એમ. માં રજુ કરવા માટે નફા નુકસાન ખાતું અને વાર્ષિક હિસાબો સમયસર પ્રસિધ્ધ કરવામાં આવશે.

**૨૦. વિસર્જન:**

વાર્ષિક સાધારણ સભામાં હાજર હોય અને જેને મતાધિકાર હોય તેવા સભ્યોના બે તૃતિયાંશ સભ્યોની સંમતિથી ગમે ત્યારે "**કેજીસી**"નું વિસર્જન કરી શકાશે. "**કેજીસી**"એ પોતાનાં તમામ દેવાં ચૂકવી આપવાના રહેશે અને જે ભંડોળ વધે તે તેવા લક્ષ્ય અને હેતુ ધરાવતા અન્ય જુથને આપવાના રહેશે.

**૧૮મી નવેમ્બર, ૨૦૦૮થી અમલમાં**

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : લક્ષ્મણ કરણ દબાસીયા | ઉપપ્રમુખ | : નારાણ રવજી હાલાઈ |
| મંત્રી | : શિવજી ધનજી ખેતાણી | સહમંત્રી | : મનસુખ સામજી ખેતાણી |
| ખજાનચી | : રામજી શિવજી વરસાણી | સહખજાનચી | : ઈલા શિવજી ખેતાણી |



E-mail: info@kodki.co.uk Web: kodki.co.uk